જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા..૨/૧૦/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૯૭૨/૧૫

### ચાંદખેડા પોલીસ સ્ટેશનના બળજબરી થી નાણા પડાવવાના તથા અપહરણ ના વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી ક્રાઈમબ્રાંચ

અમદાવાદ શહેરમાં નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢવા સારું નાયબ પોલીસ કમિશ્નરશ્રી દિપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓના માર્ગદર્શન મુજબ પોલીસ સબ ઈન્સપેકટર શ્રી જે.એન.ઝાલા તથા પો.સ.ઈ.શ્રી એચ.પી.કરેણ તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી આધારે ચાંદખેડા પોલીસસ્ટેશન ૧૨૭/૧૫ ઈપીકો ૩૨૩,૩૮૪,૩૬૫,૨૯૪-ખ,ના ગુનાના વોન્ટેડ આરોપી હેમેન્દ્ર @ જાડું હરીશભાઈ સોલંકી રહે. હાંસોલ નાઓ ને ઝડપી પાડેલ છે.

સદર આરોપીની પૂછપરછ દરમિયાન જણાવેલ છે કે, આજથી આશરે ત્રણ મહિના અગાઉ પોતે તથા અજુ ચોર તથા વિજય ઉર્ફે વીજુ બોડી ની સાથે મોટેરા કામેશ્વર ખાતેથી જયકિશન વાઘવાની ને બાઈક પર બેસાડી ગાયત્રી મંદિર ખાતે લઇ જઈ અને તેની પાસેથી પૈસાની માંગણી કરેલ, જે અનુસંધાને ઉપરોક્ત ગુનો ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ, જે ગુના ના કામે વિજુ બોડી પકડાયેલ અને પોતે તથા અજ્જુ નાસી ગયેલ હતા. સદર આરોપીને ચાંદખેડા પોલીસ ને સોપેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)